# ૧૯ નગરપાલિકામાં ભાજપના પ્રમુખ-ઉપપ્રમુખની વરણી

| ન.પાનું નામ | પ્રમુખ પદ પ્રકાર | પ્રમુખ | ઉપપ્રમુખ |
|---|---|---|---|
| કડોદરા | સામાન્ય | અંકુરભાઈ દિલીપભાઈ દેસાઈ | નિલમદેવી ઉમાશંકર દુબે |
| બારડોલી | સામાન્ય સ્ત્રી | ડિમ્પલબેન પાવકભાઈ પટેલ | ભૂપતસિંહ નટુભાઈ ચાવડા |
| અંકલેશ્વર | સામાન્ય | મીનાબેન નગીનભાઈ પટેલ | કલ્પેશભાઈ મનહરલાલ તેલવાલા |
| કડી | સામાન્ય | કનુભાઈ ચંદુલાલ પટેલ | હીનાબેન હિમાશુભાઈ ખમાર |
| મોડાસા | સામાન્ય સ્ત્રી | વનીતાબેન સજાભાઈ પટેલ | દિનેશકુમાર રમણલાલ ગુર્જર |
| ભુજ | અનુ.જાતિ | અશોકભાઈ બી.હાથી | સુશીલાબેન પી.આચાર્ય |
| અંજાર | સામાન્ય સ્ત્રી | પુષ્પાબેન ટાંક | અનિલભાઈ રાજારામભાઈ પંડ્યા |
| ખંભાળીયા | સામાન્ય | શૈલેષભાઈ ભવાનભાઈ | ફાલ્ગુનીબેન અમિતભાઈ વ્યાસ |
| ઉના | સામાન્ય સ્ત્રી | મંજુલાબેન કાળુભાઈ રાઠોડ | અબ્દુલા ઉસ્માનભાઓઈ શેખ |
| પાલીતાણા | સામાન્ય સ્ત્રી | હર્ષાબેન વિરજીભાઈ પંડિત | કિરીટસિંહ સરવૈયા |
| ધાંગધા | સામાન્ય સ્ત્રી | કિરણબેન છેલશંકર ભટ્ટ | ઉકાભાઈ મગનભાઈ જાદવ |
| રાજપીપળા | સામાન્ય | અલ્કેશસિંહ જરાવંતસિંહ ગોહિલ | ગીતાબેન મહેશભાઈ વસાવા |
| ઉમરેઠ | સામાન્ય સ્ત્રી | સંગીતાબેન પ્રકાશભાઈ પટેલ | જરીનાબીબી મેયુદ્દીન ચૌહાણ |
| આણંદ | સામાન્ય સ્ત્રી | મીતાબેન પ્રફુલભાઈ પટેલ | કાન્તીભાઈ શંકરભાઈ ચાવડા |
| દહેગામ | સામાન્ય સ્ત્રી | સસ્લાબેન કમલેશભાઈ અમીન | કનુભાઈ માલજીભાઈ રબારી |
| ધોળકા | સામાન્ય સ્ત્રી | ભારતીબેન કનૈયાલાલ રાણા | રાજેશભાઈ શ્યામલાલ ઠાકોર |
| પાલનપુર | સામાન્ય સ્ત્રી | નિલમબેન સંજયકુમાર જાની | અશોકભાઈ ભીખાજી ઠાકોર |
| પોરબંદર | સામાન્ય સ્ત્રી | ભારતીબેન શાંતિલાલ મોદી | સરજુભાઈ હેમતભાઈ કારીયા |
| કપડવંજ | સામાન્ય સ્ત્રી | સેજલબેન વિક્રમભાઈ બ્રહ્મભટ્ટ | અબ્દુલકાદર અહેમદભાઈ |

# ફિક્સ પગારદાર કોચને કોરાણે મુકી નવી ભરતી કરાશે

## વર્ષોથી ફરજ બજાવતા ફિક્સ પગારદાર કોચને બાજુએ રાખી રાજ્ય સરકાર દ્વારા નવા કોચની નિમણૂંકની પ્રક્રિયા હાથ ધરાઈ : ખેલ મહાકુંભ યોજતી સરકારની જ કોચના ભાવિ સાથે રમત

ગાંધીનગર, તા. ૧૫

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા વર્ષોથી ફિક્સ પગારદાર તરીકે સેવાઓ આપતા રાજ્યના ૧૦૪ જેટલા સ્પોર્ટસ કોચને એક કોરણે ધકેલી નવા કોચની ભરતી અંગે પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સરકારની આ હિલચાલથી ગાંધીનગરના આશરે ૧૫ જેટલા રમત પ્રશિક્ષકો સહિત રાજ્યભરના કોચમાં નારાજગી સાથે ઉગ્ર રોષની લાગણી જોવા મળી રહી છે. સરકારની આ પ્રકારની નીતિઓના કારણે સ્પોર્ટ્સમાં ૨૮માં ક્રમેથી ગુજરાત કેવી રીતે આગળ આવશે તે જોવું રહ્યું.

રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે ખેલ-મહાકુંભ ૨૦૧૫નું આયોજન હાથ ધરાયું છે. જેમાં રાજ્યભરના વિદ્યાર્થીઓ તથા અન્ય ખેલાડીઓને તેમની પ્રતિભા ખિલવવાનો મોકો મળશે. બીજી તરફ આ ખેલાડીઓને જે તે રમતનું પ્રશિક્ષણ આપી મેદાનમાં ચુનૌતી આપવા તૈયાર કરતા તેમના કોચની કારકિર્દી રૂંધી નાંખવાનું પગલુ ભરવામાં આવી રહ્યું છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતમાં ઘણા વર્ષોથી સેવાઓ આપતા ફિક્સ પગારદાર કોચને કોરાણે મુકી સરકાર નવી ભરતી પ્રક્રિયા હાથ ધરી રહી છે. છેલ્લા એક દાયકાથી પણ વધુ સમયથી માત્ર ફિક્સ પગારમાં ફરજ બજાવતા આ કોચ દ્વારા અનેક ખેલ પ્રતિભાઓને પ્રશિક્ષણ આપી રમતના મેદાનોમાં ઝળકાવાયી છે. આમ છતાં તેમને કાયમી કરવાના બદલે નવી ભરતી હાથ ધરી સરકારે અમારી લાગણીઓ સાથે રમત કરી છે. તેવી જિલ્લા કક્ષાની શાળામાં કોચ તરીકે ફરજ બજાવતા નિમેષભાઈએ હૈયાવરાળ ઠાલવી હતી.

નિમેષભાઈના જણાવ્યા મુજબ સરકારના નિયમાનુસાર ફિક્સ પગારદારની બદલી કરી શકાતી નથી, આમ છતાં અમારી બદલી કરવામાં આવે છે. હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના ચુકાદા અનુસાર ફિક્સ પગારદાર કોચને ફરજ મુક્ત નહી કરવાનો આદેશ હોવા છતાં સરકાર નવી ભરતી હાથ ધરી કુલડીમાં ગોળ ભાંગી રહી છે.

ભારતમાં પંજાબ, હરિયાણા વગેરે જેવા રાજ્યોમાં સ્પોર્ટસને વિશેષ મહત્વ અપાય છે. જેમાં ખેલાડીઓ તથા કોચને તમામ સાધન સુવિધા પ્રાપ્ત કરાવાય છે. ગુજરાતમાં એનાથી વિપરિત પરિસ્થિતિ છે. જેમાં કોચની કારકિર્દી સાથે ખુદ સરકાર જ રમત કરી રહી હોય તેવું ભાસે છે. સરકાર દ્વારા હાથ ધરાયેલ ભરતી પ્રક્રિયાથી ભલે નવા કોચની નિમણૂંક કરાય પરંતુ જુના ફિક્સ પગારદાર કોચને કાયમી કરી તેમને થઈ રહેલો અન્યાય દૂર કરાય તેવી તમામ રમત પ્રશિક્ષકોમાં માંગ ઉઠવા પામી છે.



અરવલ્લી જીલ્લાના ભિલોડા ન્યાય મંદીરમાં લોક અદાલતનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૨૭૩ કેસોનું સમાધાન થયેલ છે. રૂા.૧૬,૧૮,૦૦૦/-ની રીકવરી કરવામાં આવી હતી.જીલ્લા કાનુની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ તાલુકા કાનુની સેવા સમિતી ધ્વારા યોજાયેલ લોક અદાલતના કાર્યક્રમમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,દેના બેંક,દેના ગુજરાત ગ્રામિણ બેંક, યુ.જી.વી.સી.એલ., બી.એસ.એન.એલ. ધ્વારા ૧૫૦૨ કેસ લોક અદાલતમાં મુકાયા હતા. જેમાં ૨૭૩ કેસોમાં સમાધાન કરી રૂા.૧૬,૧૮,૦૦૦/-રીકવરી કરાઈ હતી. આ પ્રસંગે પ્રિન્સિપાલ સીવીલ મેજીસ્ટ્રેટ ડી.એમ.ચૌહાણ, એન.એન.દવે, ડી.આર.ઠાકુર, ભિલોડા બાર એસોસીએશન પ્રમુખ રણવીરસિંહ ડાભી, સંજયભાઈ દવે એડવોકેટ, પી.ડી.ચંપાવત એડવોકેટ, દિપકભાઈ ગઢવી, ભિલોડા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા મેનેજર બી.જી.રાઠોડ, બી.વી.બોદર, ચંદ્રકાંત તડસ, ભિલોડા દેના બેંક મેનેજર કે.કે.બહેરા, યુ.જી.વી.સી.એલ., બી.એસ.એન.એલ., દેના ગુજરાત ગ્રામિણ બેંક સહિત વહીવટી શાખાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા ન્યાય મંદીરમાં લોક અદાલતના કાર્યક્રમને સફળ બનાવવા એડવોકેટ નોટરી સંજયભાઈ જે. દવે વસાઈવાળાએ જહેમત ઉઠાવી કાર્યક્રમનું સફળ સંચાલન કરેલ હતું.

# નાયબ કલેક્ટર સંવર્ગની બઢતી માટે અનુભવમાં છૂટછાટ

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ની નાયબ કલેક્ટર સંવર્ગની જગ્યાઓમાં બઢતી માટે નિયત અનુભવમાં છૂટછાટ મુકવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીના આ મહત્વપૂર્ણ નિર્ણય અનુસાર રાજ્ય સેવામાં મામલતદાર વર્ગ-૨ માંથી જીએએસ ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ના જુનિયર સ્કેલમાં બઢતી માટે નિયત અનુભવમાં ૧૦ માસની છૂટછાટ આપીને ઓગષ્ટ-૨૦૧૧ સુધીમાં નિમણૂંક પામેલા અધિકારીઓને બઢતી માટે વિચારણામાં લેવાશે.

એ જ પ્રમાણે તાલુકા વિકાસ અધિકારી વર્ગ-૨માંથી પણ જીએએસ ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ જુનિયર સ્કેલમાં બઢતીના નિયત અનુભવમાં ૬ માસની છૂટછાટ આપવામાં આવે છે. આના પરિણામે મે-૨૦૧૧ સુધીમાં નિમણૂંક પામેલા આવા અધિકારીઓ બઢતી માટે ધ્યાને લેવાશે.



## મોડાસા સબજેલ નજીકથી આધેડનો મૃતદેહ મળતા ચકચાર

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી સબજેલ નજીકથી મંગળવારે વહેલી સવારે આધેડ વ્યક્તિનો મૃતદેહ મળી આવતા આ ઘટના ટોક ઓફ ધી ટાઉન બની હતી. સબજેલ આગળ અજાણ્યા ઈસમનો મૃતદેહ મળી આવ્યો હોવાની વાત વાયુવેગે પ્રસરતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. આ અંગેની જાણ મોડાસા ટાઉન પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે ઘસી આવી આધેડનો મૃતદેહ પી.એમ. માટે મોકલી આપી ઓળખ માટે તજવીજ હાથ ધરતાં આ વ્યક્તિ ફરેડીનો ભલાભાઈ લખાભાઈ બામણીયાની હોવાનું અને ક્ષય રોગથી પીડાતો હોવાથી દવા લેવા નિકળ્યો હતો ત્યારે સબજેલ નજીકથી પસાર થતા બીમારીના લીધે મોત નિપજ્યું હતું.

# અમદાવાદ-લંડન સીધી વિમાની સેવાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૫

વિશ્વ પ્રવાસી એવા ગુજરાતીઓ તથા લંડનમાં વસતા ગુજરાતીઓ માટે સીધી પ્રવાસન સેવા ઉપલબ્ધ કરતી અમદાવાદ-લંડન વાયા મુંબઈ સીધી વિમાની સેવાનો આજ સવારથી પ્રારંભ થયો છે. નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે પ્રથમ ફ્લાઈટના પ્રવાસીઓને બોર્ડીંગ પાસ આપી આ સેવાનો પ્રારંભ કરાવ્યો હતો.

અમદાવાદ-લંડનને જોડતી એર ઈન્ડિયાની પ્રથમ વિમાની સેવાનો પ્રારંભ કરાવતા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતીઓ વિશ્વ પ્રવાસી છે અને વિશ્વભરમાં પ્રવાસ કરતાં રહે છે. એ જ રીતે લંડનમાં વસતા લાખો ગુજરાતીઓ પણ સીધા ગુજરાત સાથે જોડાઈ શકે તે માટે આ સીધી વિમાની સેવા ખૂબ ઉપયોગી પુરવાર થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી પ્રવર્તમાન સરકારે આ વિમાની સેવા શરૂ કરીને પ્રવાસીઓ માટેની સુવિધામાં વધારો કર્યો છે. ગુજરાતના પ્રવાસીઓ વિશ્વ સાથે જોડાઈ શકે તે માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, અમદાવાદ એરપોર્ટ દેશના વ્યસ્ત એરપોર્ટ પૈકીનું એક છે. આ એરપોર્ટ પરથી રોજની ૭૦ વિમાની સેવા ઓપરેટ થાય છે. જેમાં ૧૦ આંતરરાષ્ટ્રીય વિમાની સેવાનો સમાવેશ થાય છે. દેશમાં સૌથી વધારે ૧૬ ટકાનો પ્રવાસન ગ્રોથ ધરાવતા ગુજરાતમાં આ સીધી વિમાની સેવા શરૂ થવાથી પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળશે. આજ રીતે વિશ્વના પ્રવાસીઓ ગુજરાતમાં કોઈપણ સ્થળે સીધા જઈ શકે તે માટે રાજ્ય સરકારે સુનિશ્ચિત પગલાં હાથ ધર્યા છે. અને આગામી ત્રણ-ચાર વર્ષમાં પાલીતાણા, મોરબી, અંકલેશ્વર જેવા સ્થળોએ પણ એરસ્ટ્રીપ બનનાર છે. ઐતિહાસિક પુરાતત્વીય અને ધાર્મિક પ્રવાસન ઉપરાંત મેડીકલ ટુરીઝમને પણ ગુજરાતે પ્રાધાન્ય આપ્યું છે. ત્યારે વિશ્વ આખાના પ્રવાસીઓને ગુજરાત સાથે જોડવા આગામી સમયમાં વધુ સીધી આંતરરાષ્ટ્રીય સેવાઓ શરૂ થશે એમ તેમણે ઉમેર્યું હતું.

બિનનિવાસી ભારતીય પ્રભાગના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, બ્રિટનમાં વસતા ગુજરાતીઓને અમદાવાદ સાથે સીધી કનેક્ટીવીટી મળે તે માટેનું આ સોપાન પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપશે. હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સીધી વિમાની સેવાને મંજૂરી આપીને ગુજરાતને એક વિશેષ ભેટ આપી છે એટલું જ નહીં પરંતુ ગુજરાતને વિશ્વ સાથે જોડવાનું કામ પણ કર્યું છે.

આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી ગૌતમભાઈ શાહ, ડેપ્યુટી મેયર શ્રીમતી પ્રમોદાબેન સુતરીયા, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન શ્રી પ્રવિણભાઈ પટેલ, પ્રવાસન વિભાગના સચિવ શ્રી એસ.જે. હૈદર, એર. ઈન્ડિયાના ઉચ્ચ અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## કામદારોની ભરતી... ● ત્રીજા પાનાનું ચાલુ

આજની આ બેઠકમાં મ્યુનિ. કમિશનર શ્રી જી.આર. ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભીમજયાણી, જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવ, મજૂર કલ્યાણ અધિકારી તેમજ આરોગ્ય અધિકારી, ચીફ ઓફિસરો અને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

ગુજરાતના ચાર દિવસના પ્રવાસે આવેલુ આયોગે અમદાવાદ-વડોદરા અને અરવલ્લી જિલ્લાના પ્રવાસે પણ જનાર છે. સફાઈ કામદાર આયોગે સફાઈ કામદારના મૃત્યુ પછી અપાતી સહાય, સફાઈ માટે પૂરતા સાધનો પુરા પાડવામાં આવે છે કે કેમ ? સહિતના મુદ્દાઓની પણ ચર્ચા કરી હતી.

## કામોમાં ગેરરીતિ .... ● પાચમાં પાનાનું ચાલુ

તાલુકાની નરેગા શાખામાંથી ઓચિંતી તપાસ થતી નથી. હાજરી કે જે તે વ્યક્તિ છે કે કેમ તેની ચકાસણી થતી નથી. આ અંગે હાલમાં ચાલતા તમામ કામોમાં જેમની હાજરી પુરવામાં આવે છે તે ખેતીના કામમાં ઘેર હોય છે. જ્યારે એનઆરજી કામોમાં હાજરી બોલાય છે. જેમાંથી ૫૦ ટકા લેણી રકમ પગાર વખતે કાઢી લેવામાં આવે છે આ બાબતે સત્વરે તપાસ થાય તેવી માંગણી છે. જે અંગે જિલ્લા કલેક્ટર મોડાસાએ જણાવેલ છે.

# શાળા આરોગ્ય કાર્યક્રમમાં મહેસાણા જિલ્લામાં ૫ લાખ બાળકોની આરોગ્યની ચકાસણી કરાશે

મહેસાણા, તા. ૧૫

મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ ૦૫ ફેબ્રુઆરી-૨૦૧૬ સુધી ચાલનાર છે. જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત શાળામાં જતા તમામ બાળકો અને નવજાત શિશુથી ૧૮ વર્ષ સુધીના શાળાએ ન જતા મળી કુલ ૫,૩૧,૩૬૮ બાળકોની આરોગ્યની ચકાસણી કરવામાં આવશે. આરોગ્ય ચકાસણી દરમિયાન તબીબી ખામીવાળા બાળકોને સ્થળ પર સારવાર આપવામાં આવશે. હૃદય, કીડની કેન્સર જેવી ગંભીર બીમારી ધરાવતા બાળકોને સુપર સ્પેશ્યાલીસ્ટો દ્વારા સારવાર આપવામાં આવશે. દષ્ટિ ખામીવાળા બાળકોને મફત ચશ્મા વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત કાર્યક્રમમાં કોકલીયર ઈમ્પ્લાન્ટ (કાનની તકલીફ), લીવર, ટ્રાન્સપ્લાન્ટ (યકૃતની તકલીફ), કલબ ફુટ (જન્મજાત પગની ખોડખાંપણ) તથા ફલેફ્ટ લીપ અને પેલેટ (જન્મજાત તુટેલા હોઠ અને તાળવાની બીમારી)નો સમાવેશ થતાં તેની પણ સારવાર તદ્દન મફત સુપર સ્પેશ્યાલીસ્ટો દ્વારા આપવામાં આવે છે.

શાળાએ જતા તમામ બાળકો તેમજ શાળાએ ન જતા નવજાત શિશુથી ૧૮ વર્ષ સુધી તમામ બાળકોની તબીબી તપાસની આ કામગીરીમાં આરોગ્ય કર્મચારીઓ, તબીબો આંગણવાડી કાર્યકરો, શિક્ષકો અને સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ (આઈ.સી.ડી.એસ.) શિક્ષણ, વન અને પર્યાવરણ વિભાગ જેવા અન્ય વિભાગોના સહકાર અને સંકલનથી કામગીરી થઈ રહી છે. શાળા આરોગ્ય કાર્યક્રમમાં જિલ્લાનું એક પણ બાળક આરોગ્યની તપાસ બાકી ન રહે તે માટે જિલ્લા આરોગ્ય અધિકારીએ અધિકારીઓ, પદાધિકારીઓ, વાલીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓને અપીલ કરી છે.

## સીબીઆઈના દરોડા ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રતિક્રિયા આપી હતી. જાણકાર સુત્રોએ કહ્યું છે કે એકસાથે ૧૪થી વધુ સ્થળો ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. સચિવાલયના ત્રીજા માળ ઉપર કેજરીવાલની પણ ઓફિસ આવેલી છે. કાયદો અને વ્યવસ્થા, પોલીસ અને જમીન જેવા મામલાઓને લઈને દિલ્હી સરકાર તથા કેન્દ્ર વચ્ચે ખેંચતાણની સ્થિતિ રહી છે. દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલની ઓફિસ પર આજે સવારે સીબીઆઇ દ્વારા વ્યાપક દરોડા પાડવામાં આવ્યા બાદ રાજકીય ગરમી વધી ગઇ છે. સવારમાં દરોડાની કાર્યવાહી થતા ભારે ચકચાર મચી ગઇ હતી. સીબીઆઇના અધિકારીઓની ટીમ સવારે કેજરીવાલની ઓફિસ પર પહોંચી ગઈ હતી. એનડીએના શાસનમાં બીજી વખત મુખ્યપ્રધાનની ઓફિસ પર સીબીઆઈની રેડ પડી છે. તાજેતરમાં જ હિમાચલના મુખ્યપ્રધાન વિરભદ્રસિંહના આવાસ પર દરોડા પાડવામાં આવ્યા હતા. આ મહિનાની શરૂઆતમાં દિલ્હીના પ્રિન્સિપાલ સેક્રેટરીને લઈને લાંચનો મામલો સપાટી પર આવ્યોહતો. સંજય પ્રતાપસિંહ લાંચની માંગ કરી ચુક્યા છે. ત્યારબાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. એએપી સરકાર અને કેન્દ્ર સરકાર વિવિધ મોરચે સામને સામને રહીછે. છેલ્લે રેલવે દ્વારા ઝુંપડપટ્ટીને દુર કરવાના મામલે પણ બન્ને આમને સામને રહ્યાછે કેજરીવાલે મોદી પર પ્રહારો કર્યા છે. દિલ્હી સરકારના પ્રિન્સીપલ સેક્રેટરી રાજેન્દ્રકુમારની ઓફિસ ઉપર દરોડાની કામગીરીથી સનસનાટી મચી ગઈ હતી. સીબીઆઈએ દરોડાની શરૂઆત વહેલી સવારે કરી હતી. સીબીઆઈ પણ ખોટી વાત કરી રહી છે. રાજેન્દ્રના બહાને તેમના ઓફિસની ફાઈલ ચકાસવામાં આવી રહી છે. તમામ ફાઈલો જોવામાં આવી છે. કેજરીવાલે એમપણ કહ્યું હતું કે, મોદી તેમની ફાઈલો જોવા ઈચ્છુક હતા.

## કેજરીવાલનો આક્ષેપ ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુદ્દે તપાસ સંસ્થાની પણ ઝાટકણી કાઢી હતી. મધ્ય દિલ્હીમાં સચિવાલયમાં સ્થિત કેજરીવાલ અને અન્ય મંત્રીઓની ઓફિસ પ્લેયર્સ બિલ્ડિંગમાં છે. કેજરીવાલે કહ્યું હતું કે, સીબીઆઈએ તેમની ઓફિસ પર દરોડા પાડ્યા છે. મોદી રાજકીય રીતે તેમનો સામનો કરી શકતા નથી, જેથી કાયરતાપૂર્વક આ કામ કરી રહ્યા છે. દરોડાની સાથે સાથે આક્ષેપબાજીનો દોર પણ શરૂ કરવામાં આવ્યો છે. દરમિયાન કેજરીવાલે સીબીઆઈના દરોડાને લઈને નારાજગી વ્યક્ત કરી છે. સાથે સાથે કહ્યુ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભયભીત દેખાઈ રહ્યા છે. કેજરીવાલે પોતે દરોડા પાડવામાં આવ્યા હોવાના અહેવાલને ટ્વીટર પર સમર્થન આપ્યુ છે. કેજરીવાલે કહ્યુ છે કે મોદી મનોરોગી અને કાયર તરીકે છે. બીજી બાજુ સીબીઆઈએ ખુલાસો કર્યો છે કે કાર્યવાહી એક અધિકારીના ઓફિસ પર કરવામાં આવી છે. કેજરીવાલની ઓફિસ પર કાર્યવાહી કરવામાં આવી નથી. જો કે એએપીમાં રોષનુ મોજુ ફરી વળ્યુ છે. કેજરીવાલે દરોડાના સંદર્ભમાં કહ્યું હતું કે,

## લેવાદેવા નથી ● અનુસંધાન પહેલાનું ચાલ

કેજરીવાલ અને અન્ય પ્રધાનોની ઓફિસ આવેલી છે. સીબીઆઈએ કહ્યું હતું કે, મુખ્યમંત્રીના મુખ્ય સચિવ રાજેન્દ્રકુમારની સામે દિલ્હી સરકારના વિભાગ પાસેથી કામ અપાવવા માટે એક ખાસ કંપનીની મદદ કરી હતી અને પોતાના હોદ્દાનો દુરુપયોગ કર્યો હતો. સીબીઆઈએ કહ્યું હતું કે, વોરન્ટ મેળવી લીધા બાદ જ રાજેન્દ્રકુમારની ઓફિસ ઉપર અને આવાસ પર દરોડા પાડવામાં આવ્યા હતા. રાજેન્દ્રકુમાર ઉપર દિલ્હીના પુર્વ સભ્ય સચિવ આશિષ જોષીએ આક્ષેપ કર્યા હતા. સીબીઆઈના અધિકારીએ એમપણ કહ્યું હતું કે, કેજરીવાલને આમાં કોઈ લેવા-દેવા નથી.

## હાડ થીજવતી ● અનુસંધાન પહેલાનું ચાલ

પવનની અસરમાં ગુજરાત પણ સપડાઈ ગયું છે. વિવિધ ભાગોમાં આજે પણ સતત બીજા દિવસે તીવ્ર ઠંડીનો અનુભવ લોકોએ અનુભવ કર્યો હતો. ગુજરાતના મોટાભાગના જિલ્લાઓ હાડ થીજવતી ઠંડીથી ધ્રુજી ઉઠ્યા છે. ગરમ વસ્ત્રોની માર્કેટમાં પણ ભારે ઘરાકી જોવા મળી રહી છે. ઉત્તરાખંડ,જમ્મુ કાશ્મીરના જુદા જુદા ઉંચાણવાળા ભાગોમાં ભારે હિમવર્ષા અને મેદાની ભાગોમાં વરસાદના કારણે આજે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ હતુ. સાથે સાથે ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ હતી. ઉત્તરાખંડમાં ભારે હિમવર્ષાના કારણે ઠંડીના પ્રમાણમાં વધારો થયો છે. લો ટેમ્પ્રેચર અથવા તો લઘુત્તમ તાપમાનની કોઈ ચેતવણી જારી કરાઈ નથી, બાળકોને બિમારીના સકંજામાં લે તેવી સ્થિતિ સર્જાઈ છે.

## ફરિયાદ નોંધાઈ ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્યવાહીની ઓનલાઈન જાણકારી આપવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, રાજય ચૂંટણી પંચના કમિશનર અમે કેન્દ્રીય ચૂંટણી પંચના કમિશનરને ઈમ્પીચ કરીને તેમની સામે તાત્કાલિક ફોજદારી કાર્યવાહીની માગણી કરતી જે ફરિયાદ કરવામાં આવી હતી તેને નોંધવામાં આવી છે. જેનો ફરિયાદ નંબર૧૬૪૯૩૧૫૯૨ છે. ફરિયાદને નોંધીને પ્રિન્સિપલ સેક્રેટરી અજયકુમારને યોગ્ય પગલા લેવા માટે મોકલી અપાઈ છે. પબ્લીક ગ્રિવન્સીસ રિડ્રેસલ સેલ દ્વારા આ જાણકારી આપવામાં આવી છે.

## આજથી કમુહર્તા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થાય છે. જાણીતા જ્યોતિષી અંબારામ પટેલના મતે ધનાર અને મીનારક તેમ બે સમયકાળમાં અમુક શુભકાર્યો થઈ શકતા નથી. મીનારકમાં આગામી તા. ૧૪-૩-૧૬થી ૧૩ એપ્રિલ દરમિયાન સૂર્ય ગ્રહની રાશીમાં પ્રવેશ કરે છે. સૂર્ય મીન રાશિમાં હોય ત્યારે મીનારક આવે છે. તા. ૫ મે થી ૪ જુલાઈ વર્ષ ૨૦૧૬ દરમિયાન પણ ગુરૂ અને શુક્ર અસ્તકાળમાં હોવાથી લગ્નકર્મ થઈ શકતું નથી.

## રાહત પેકેજ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખેડુતો દ્વારા કપાસની વાવણી થઈ હતી. સરકાર સામે રજુઆતોના દૌર વખતે એવી ફરિયાદ થઈ હતી કે રાજય સરકારી બેંકો દ્વારા બે ટકા વ્યાજ સહાયનો લાભ આપવાને બદલે જે ખેડુતોએ સમયસર ધિરાણ ચુકતે કર્યુ એમને જ વ્યાજસહાયનો લાભ આપવાને બદલે જે ખેડુતોએ સમયસર ધિરાણ ચુકતે કર્યુ એમને જ વ્યાજસહાયનો લાભ આપ્યો હતો. ઉપરાંત ઘણા દાવા નામંજુર કર્યા હતા. જેને પગલે ૬૦૦ કરોડના પેકેજ પૈકી ૨૨૫ કરોડ જ વપરાયા હતા. કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા સીસીઆઈ દ્વારા ૫૫ કેન્દ્રો ખોલીને કપાસના ટેકાના ભાવથી ખરીદી શરૂ કરાઈ છે. પરંતુ ચૂંટણી સમયે મુખ્યપ્રધાનને સૌરાષ્ટ્ર ખાતે કપાસના ખેડુતોને રાહત આપવા નિર્ણય લેવાશે એવું આશ્વાસન આપતા કપાસના ખેડુતોએ પોતાના માલ પકડી રાખ્યો છે. જેને કારણે સીસીઆઈ દ્વારા દોઢ મહિનામાં માત્ર ૨૧ હજાર કિવન્ટલ જેટલા જ કપાસની ખરીદી થઈ શકી છે. જો કે, ઓછી ખરીદીનું એક મોટું કારણ એ પણ છે કે, અત્યારે તપાસનો બજાર ભાવ મણે ૯૦૦ની આસપાસ ચાલે છે.રાજયમાં તાજેતરમાં સંપન્ન થયેલી સ્થાનિક ચૂંટણીઓમાં, ગામડાઓમાં કપાસના ખેડુતોમાં પ્રવર્તતા રોષને કારણે થયેલું મોટું રાજકીય નુકસાન ભવિષ્યમાં નિવારવાના હેતુથી કપાસના ખેડુતોને ખુશ કરવા માટે સરકારે રાહત પેકેજ આપવાનો માર્ગ આપનાવ્યો હોવાનું જણાવાઈ રહ્યું છે.

## hello ફ્રેન્ડ્સ! (૪ પાનાનું ચાલુ...)

ઠેરવવા દલિલો કરવી પડે છે, પણ રૂપા પોતાની લડાઈ જાતે જ લડી રહી છે...

રૂપા અને રિતુ... બંનેના કિસ્સા ભલે અલગ છે, પણ બંને જણી રૂપાળી હોવા છતાં આજે પોતાનો ચહેરો એસિડ એટેકને કારણે ફીનીશ કરી ચૂકી છે.

મોટે ભાગે એસિડ એટેકનો ભોગ બનેલી યુવતીઓ કયાં તો આત્મહત્યા કરી લે છે, અથવા તો પોતાની જાતને એક રૂમમાં કેદ કરી દે છે, એમને આવો ચહેરો લઈને સમાજ સામે જવામાં ક્ષોભ થાય છે... કેટલાંક કિસ્સામાં તો એમનાં ઘરનાં જ એમનો વિરોધ કરે છે, અને આ યુવતીઓ જીવન જીવવાની આશા છોડીને જેમતેમ પોતાના દિવસો ઓછાં કરે છે.

રૂપા-રિતુ એ પોતે તો હિંમત કેળવી જ છે, પણ એ આવી છોકરીઓને ભેગી કરી દિલ્હીમાં એક બૂટીક ચલાવે છે. છોકરીઓને નવી જિંદગી અને ઉર્જા આપવાની પહેલ આમણે કરી છે.

આ બંને જણા એમનાં પર થયેલાં એસિડ એટેકની ખુલ્લા દિલે વાત તો કરે જ છે, પણ એનાં રોદણાં રડવાં બેસવાને બદલે આ પ્રશ્નોના હલની પણ વાતો કરે છે. નવ-નવ વખતની પ્લાસ્ટિક સર્જરી બાદ રૂપા-રિતુએ મોડેલ ફોટોગ્રાફી કરાવીને એમનાં ડ્રેસીસની જાહેરાત કરી છે... લોકોની વાતો અને નજરોને પચાવીને તેઓ બેધડક જીવી રહી છે અને માત્ર ચહેરાને કારણે જ બધું ફીનીશ નથી થઈ જતું એવું બતાવી રહી છે...

રૂપા અને રિતુ એમનાં પર થયેલાં એસિડ એટેક બાદ કદરુપા થઈ ગયેલા ચહેરા પછી કેટલાંય વિઘ્નો-કટુ વચનો પચાવીને હિંમતભેર જિંદગી જીવી રહી છે, એ હલ્લાનો વિરોધ માટે પણ કામ કરે છે, પચ્ચીસ વર્ષથી પણ ઓછી ઉંમરની આ કન્યાઓ રંગ-રુપની ફિકર ન કરતાં, એસિડ એટેકથી પ્રભાવિત છોકરીઓ માટે સમાજ વચ્ચે રહી સમાજ સામે જ એક મોટી લડાઈ લડી રહી છે, પોતાની જાતને 'ફાઈટર' કહેતી આ યુવતીઓ સામાજિક સન્માન ઈચ્છતી રહી છે!

**ચૂંટલો** : 'અમે અમારો ચહેરો ગુમાવ્યો છે, ઓળખ નહીં' એવું કહેતી એસિડ એટેકનો ભોગ બનેલી આ ફાઈટરો કોઈ શરમ રાખ્યા વગર કામ કરે છે, એમને સમાજની દયા નહીં પણ સાથ જોઈએ છીએ... એસિડનાં ઘૂંટડા ગળી ગયેલી આ યુવતીઓને સન્માન તો આપી જ શકીએ!

## નવાં કલેવર (૪ પાનાનું ચાલુ...)

થઈ ગઈ છે. તેના કારણે તે તારી સાથે આવું કરે છે. તેનો સ્વભાવ ચીડિયો થઈ ગયો છે. ચોખ્ખી વાત છે. હવે તેને પોતાની દીકરી છે.

નયના-નયના કહેતાં ન થાકતાં માસી ફરી તેને નિર્મોહી કહેવા લાગ્યાં. નયનાથી ફરી તે નિર્મોહી બની ગઈ. રોજના મહેણાં ટોણાં સાંભળતાં છેવટે તેને પોતાના ગામ જવાનો નિર્ણય કરી લીધો. માસીએ પણ તેને રોકવાનો જરાય પ્રયત્ન ન કર્યો. એ તો તેને મોકલી દેવા જ માંગતા હતા. તેમણે તેને ગામડે મોકલી દીધી.

કદાચ માસી જ નિર્મોહી બની ગયા હતા. એ નામ તો નિર્મોહીનું હતું. પણ માસી તો સંબંધે નિર્મોહી થઈ ગયાં હતા. પોતાના ઘરમાં તેને દાદીમાંનો ખોળો ખુબ ગમતો. એ ખોળામાં સુવડાવી થપથપાવે ત્યારે તેને માસીની યાદ આવતી. નાની ઢીંગલીને યાદ કરતી. પરંતુ તેમના બદલેલા વર્તનને યાદ કરતાં દાદી સાથે વાતે વળગીને બધું ભૂલવાની કોશીષ કરતી.

- vanvihari@gmail.com